# ૧ મહિનાથી મનરેગાના કરેલા કામનું વેતન અટક્યાના આરોપ

## સાબરકાંઠા જિલ્લાના અનેક વિસ્તારોમાં મનરેગાનાં કામ બંધ, ૨૯૦૦ શ્રમજીવીઓ બેહાલ : તંત્રનો લૂલો બચાવ, આધારલીંકના બહાને કામ બંધ કર્યા : પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગરમાં સૌથી વધુ કામ ઠપ્પ

બાયડ, તા.૨૨

કાળઝાળ મોંઘવારીમાં અનેક પરિવારો રોજગારી ઝંખી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા મનરેગા યોજના દ્વારા શ્રમિકોને દૈનિક વધુમાં વધુ રુ ૨૩૯નું મહેનતાણું મળે તે માટે તળાવ, ચેકડેમ ઉંડા કરવા સહિતના કામ હાથ ધરાયા છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં ૨૯૪૨ શ્રમજીવીઓ મનરેગાનાં કામ બંધ થતાં બેહાલ બન્યા છે. જિલ્લાના પોશીના, વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં સૌથી વધુ કામ ઠપ્પ થયાં છે. જ્યારે જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર કચેરી-હિંમતનગર દ્વારા આધાર લીંક થતું ન હોવાથી શ્રમજીવીઓના ખાતાં જનરેટ થતાં નથી તેથી કામ બંધનો લૂલો બચાવ કર્યો છે. ગુજરાતની ડબલ એન્જીન સરકારમાં આદિવાસી વિસ્તારોમાં મનરેગાના કામ બંધ રહેતાં પ્રજામાં રોષ વધ્યો છે. તો કેટલાક કિસ્સાઓમાં રાજકીય સાતૂંસી ચાલતી હોવાની પણ ચર્ચા છે. શ્રમજીવીઓને ઘરઆંગણે રોજગારી મળી રહે તેવા આશય સાથે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજના ચલાવાઈ રહી છે જેમાં અંતરીયાળ આદિવાસી વિસ્તારોના શ્રમજીવી પરિવારો માટે આ યોજના રોજગારીનું મુખ્ય સાધન બની છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા કોઈને કોઈ કારણોસર યોજના આડે રોળાં નાખવામાં આવી રહ્યાની વિગતો ખુદ શ્રમજીવીઓમાંથી હવે બહાર આવી છે. સાબરકાંઠાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પોશીના, પ્રાંતિજ, તલોદ, વડાલી અને વિજયનગર તાલુકામાં મનરેગા તેમજ પી.એમ.એ.વાય. યોજના



હેઠળ અનેક કામો ચાલી રહ્યા છે જેમાં મનરેગા યોજના હેઠળનાં અનેક કામ શ્રમજીવીઓના બેક્ક ખાતાં આધારલીંક થતાં ન હોવાથી કામ બંધ કરવાની સાથે શ્રમજીવીઓને પાછલા એક મહિનાનું મહેનતાણું ન મળતાં દૈનિક રોજગારી ઉભર નભતા પરિવારોને બે ટંક ભોજનનાં ફાંફાં પડી રહ્યાં છે. છેલ્લા ૨૦-૨૫ દિવસથી મનરેગાના કામ બંધ હોવા છતાં જિલ્લા વહીવટી તંત્ર આ મુદે કેમ મૌન રહ્યું?? તેવા અણિયાળા સવાલ થઈ રહ્યા છે. જ્યારે ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં મનરેગા યોજનાના સૌથી વધુ કામો ચાલી રહ્યા છે અને ત્યાં જ કામ ઠપ્પ થતાં તેના ઘેરાપ્રત્યાઘાત સામે આવ્યા છે. ૧ મહિના અગાઉ કરેલ કામની રોજગારી પણ શ્રમજીવીઓને મળી નથી અને હવે આધારલીંક માટે તંત્ર દ્વારા યોજનાનું કામ બંધ કરાવવામાં આવતાં શ્રમજીવીઓ હાલાકીમાં મૂકાયા છે. એક તરફ ખુદ તંત્ર જ યોજનાના કામમાં ઝડપ આવે તેવા કોઈ પ્રયાસ કરતું નથી અને હવે સરકારના પરીપત્રને આગળ ધરી આધાર લીંકના બહાને કામગીરી ઉપર બ્રેક લગાવી દીધી છે. તાલુકામાં મનરેગા યોજના શરુ કરવામાં આવતાં જરુરીયાતમંદ શ્રમજીવીઓએ તળાવ ઉંડા કરવા, ચેકડેમ તેમજ રસ્તાના માટી કામના કામો કરી ૧૦૦ દિવસની રોજગારીની આશા રાખી હતી પરંતુ હવે યોજના ઉપર તંત્રએ રોક લગાવી છે. જેથી શ્રમજીવીઓ કામ બંધ હોવાનો બડાપો ઠાલવી રહ્યા છે.

### કેટલા સ્થળે મનરેગાના કામ

| વિસ્તાર | કામ |
|---|---|
| હિંમતનગર | ૧૯ |
| ઈડર | ૨૨ |
| ખેડબ્રહ્મા | ૪૯ |
| પોશીના | ૧૨૨ |
| પ્રાંતિજ | ૧૭ |
| તલોદ | ૩૦ |
| વડાલી | ૦૯ |
| વિજયનગર | ૨૩ |

### મનરેગા યોજનામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર

મનરેગા યોજના વર્ષોથી જિલ્લામાં ચર્ચાસ્પદ રહી છે. આ યોજનામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર આદરાયાના આરોપ પણ થયેલા છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં મનરેગાના કામ બંધ કરાતાં અંદાજીત ૩૦૦૦ શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી છે. ત્યારે અત્યાર સુધી જે શ્રમજીવીઓ કામે આવ્યા તેમની યોગ્ય વિગતો મેળવવામાં આવે તો સંભવ છે કે યોજનાનો અન્ય ભ્રષ્ટાચાર પણ બહાર આવી શકે છે.

બેક્ક ખાતા જનરેટ ન થતાં કામ બંધ – જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર

જિલ્લાના અનેક તાલુકાઓમાં મનરેગાના કામ બંધ થયા છે ત્યારે જિલ્લા નાયબ પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર કિર્તીભાઈ ગોસાઈએ જણાવ્યું હતું કે યોજના હેઠળ કામ કરતા શ્રમજીવીઓનાં બેક્ક ખાતાં જનરેટ થતાં નથી. જ્યારે હવે આધારલીંક ફરજીયાત થઈ હોવાથી જે તે શ્રમજીવીના બેક્ક ખાતામાં યોજનાનું વેતન જમા થાય તેવા આશયથી હાલ કામ બંધ રાખવામાં આવ્યું છે અને મનરેગાના શ્રમજીવીઓએ તાત્કાલિક આધારલીંક કરાવી લેવા અનુરોધ કર્યો હતો.

---

## ધાનેરા આરોગ્ય તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં...

# અનેક ગામોમાં બોગસ તબીબોનો રાફડો લોકોના જીવન સાથે રમત રમી રહ્યા છે!!!

ધાનેરા તા.૨૨

ધાનેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી કોઈપણ પ્રકારની ડિગ્રી વગર જ તબીબી પ્રેક્ટિસ કરી લોકોના આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડાંઓ કરતા બોગસ ડૉક્ટરો સામે કાયદેસરની કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ધાનેરા તાલુકાના અનેક ગામોમાં મુન્નાભાઈ સ્મ્મ્જીથી સાવધાન ડીગ્રી વગર જ તબીબી પ્રેક્ટિસ માટે દવાખાનુ ચલાવતા બોગસ ડોક્ટરો સામે કાર્યવાહી કયારે ? લોકોનાં આરોગ્ય સાથે ચેડા લોકોનાં જીવ સાથે રમત ક્યાં સુધી? ધાનેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી કોઈપણ પ્રકારની ડિગ્રી વગર જ તબીબી પ્રેક્ટિસ માટે દવાખાના ચલાવતા ડૉક્ટરો સામે કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી .!!!જેના કારણે બોગસ ડિગ્રી વગરના ડૉક્ટરોનાં દવાખાનાં અને તબીબોનો રાફડો ફાટયો છે છેલ્લા એક દાયકાથી ડિગ્રી વગરના મુન્નાભાઈ સ્મ્મ્જીનો જમાવડો ધાનેરા તાલુકામાં બોગસ તબીબોનો રાફડો ફાટ્યો હોય તેવું લાગી રહ્યું છે. ધાનેરા તાલુકાનાં નાનાં નાનાં ગામડાંઓમાં છેલ્લા એક દાયકાથી ડિગ્રી વગરના મુન્નાભાઈ એમબીબીએસ પેદા થયા છે,જે પોતાનાં દવાખાનાં ખોલીને બેઠા છે.




ક્લિનિકમાં એલોપેથી સારવાર અને બોગસ ડિગ્રીઓ હોવાનું ચર્ચાઈ રહ્યું છે જોકે નિયમો મુજબ આ ઉટવૈધો એલોપેથી પ્રેક્ટિસ કરી શકે નહીં તેમ છતાં તેમના ક્લિનિકોમાંથી ઈન્જેકશન સહિતની એલોપેથી પ્રેક્ટિસની વસ્તુઓ અને તેમની પાસે ઈન્જેક્શન,મલ્ટી વિટામિન સહિતની અનેક એલોપેથી દવાઓ પણ રાખતા હોય છે . બિલાડીની ટોપની જેમ ઊગી નીકળેલા આવા બોગસ ડોકટરો સામે તંત્રએ લાલ આંખ કરવાની જરૂર છે લોકોમા થતી ચર્ચાઓ મુજબ ધાનેરા તાલુકાના અનેક ગામોમાં ઘર અને દુકાનો પર દવાખાનાના બોર્ડ મારી દવાખાનું ચલાવી રહ્યા છે . અને ડિગ્રી વિના પ્રેક્ટિસ કરી લોકોના જીવ જોખમમાં મુકી ખુલ્લેઆમ લોકોના આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડાંઓ કરવામાં આવી રહ્યા છે . તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે તેમ છતાં જીલ્લાના જવાબદાર અધિકારીઓ પણ મૌન ધારણ કરી બેઠા છે?

---

## બનાસ સિવિલ હોસ્પિટલ ખાતે બનાસડેરીના આદ્યસ્થાપક સ્વ.શ્રી ગલબાભાઈ પટેલની ૧૦૫ મી જન્મ જયંતી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

પાલનપુર તા.૨૨

બનાસ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે આવેલ લેક્ચર હોલ ખાતે સ્વ.શ્રી ગલબાભાઈ પટેલની ૧૦૫ મી જન્મ જયંતી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસ મેડીકલ કોલેજના ચેરમેન પી.જે.ચૌધરીના અધ્યક્ષ સ્થાને પુષ્પાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં સૌપ્રથમ દીકરીના હસ્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં ચેરમેન પી.જે.ચૌધરીએ જણાવ્યું હતું કે સ્વ.ગલબાકાકાનું એક સપનું હતું કે, “મારા જિલ્લાના છેવાડાના ગામમાં રહેતી કોઈ વિધવા બહેન દાતરડાના હાથ પર સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવા ધંધા વિકસાવવા છે તેવી નેમ સાથે પ્રેરણાસ્રોત સ્વ. ગલબા કાકાએ રોપેલું વૃક્ષ આજે વટવૃક્ષમાં રૂપાંતરિત થઈને લાખો પરિવારોને મીઠો છાંયડો આપે છે. સાથે માન. ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકો અને ખેડૂતોને સ્વાવલંબી, સક્ષમ અને સમૃદ્ધ બનાવવાનું સ્વ. ગલબાકાકાનું સપનું સાકાર થઇ રહ્યું છે. ગુજરાતના સરહદી વિસ્તારમાં આવેલ બનાસકાંઠા જિલ્લાને બેઠો કરવા માટે તે સમયના બનાસડેરીના આદ્યસ્થાપક ગલબાભાઈ નાનજીભાઈ પટેલનું નામ અગ્રેસર આવે છે. તેઓને ‘ગલબાકાકા’ના હુલામણા નામથી ઓળખવામાં આ પ્રસગે જી.એન.પી.સી ટ્રસ્ટના ચેરમેન પી.જે.ચૌધરી ડૉ.સુનીલ જોશી, ડો સતિષ પાનસુરીયા,ડો જવાહર ચંદાણી, અબાસભાઈ,જીગ્નેશ પટેલ તેમજ સિવિલ હોસ્પિટલના ડોકટર મેડીકલ નર્સિંગ તેમજ સિવિલ સ્ટાફ હાજર રહ્યો હતો. પાલનપુર સિવિલ જનરલ હોસ્પિટલ ખાતે દાખલ દર્દીઓને જન્મ જયંતી નિમિતે સિવિલ હોસ્પિટલ પરિવાર દ્વારા અમુલ ટ્રૂ નુ વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## બ્રહ્માકુમારી સંસ્થા તલોદ દ્વારા શિવજયંતી પર્વની ઉજવણી કરાઈ

તલોદ તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા ના તલોદ ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સંસ્થા દ્વારા નિરાકાય જ્યોતિ સ્વરૂપ પરમપિતા પરમાત્મા શિવ ના અવતરણ ની યાદગીરી સ્વરૂપે શિવજયંતિ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહીયલ યેવલા પરિવાર ના શેઠ શ્રી કમલેશ ભાઈ ઉપાધ્યાય ના વરદ હસ્તે શિવધ્વજ લહેરાવવામાં આવ્યો હતો કાર્યક્રમની શરુઆત હીનાબેન ઉપાધ્યાય ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી આ પ્રસંગે તલોદ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી ચંપા દીદી એ મનનીય પ્રવચન કરી શિવ જયંતિ નું આધ્યાત્મિક મહત્વ સમજાવ્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં બ્રહ્માકુમારી સંસ્થા નાં ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો સમગ્ર કાર્યકર્મ નુ સંચાલન કાંતિભાઈ પ્રજાપતિ એ કર્યુ હતું અને આભારવિધિ બ્રહ્માકુમારી આશા બેન દ્વારા કરવામાં આવી હતી

---

## પ્રાંતિજ રાવલ સમાજ દ્વારા વિધાર્થીઓ તથા વિશિષ્ટ વ્યક્તિ ઓનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ રાવલ સમાજ દ્વારા સમાજ ના તેજસ્વી તારલાઓ તથા સમાજ ના વિશિષ્ઠ વ્યક્તિઓ નો સન્માન સમારોહ યોજાયો હતો. પ્રાંતિજ તપોધન ફડીખાતે આવેલ શ્રી શિવ સદન હોલ ખાતે તા ૧૯।૨।૨૦૨૩ ને સોમવાર ના રોજ રાવલ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજ ના તેજસ્વી તારલાઓનો તથા સમાજ ના વિશિષ્ઠ વ્યક્તિઓ નુ સન્માન સમારોહ રાખવામા આવ્યો હતો જેમા સમારંભ ના અધ્યક્ષ તરીકે રાવલ વાસુદેવ જીવરામ ના અધ્યક્ષ સાથે યોજાયો હતો જેમા એક થી



કોલેજ સુધીના વિધાર્થીઓને તથા વિશિષ્ઠ વ્યક્તિમા વિજય કુમાર યોગેશભાઈ રાવલ તથા પાર્ષદી મિતેશભાઈ રાવલ નુ સમાજ દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ તો આ વર્ષે ઈનામ ના દાતા તરીકે રાકેશભાઈ (રવિભાઈ) અંબાલાલ રાવલ દ્વારા ઈનામ આપીને વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તો આ પ્રસંગે હર્ષદભાઈ રાવલ , મધુભાઈ રાવલ , મહેશભાઈ રાવલ , જીતુભાઈ રાવલ સહિત સમાજ ના આગેવાનો વડીલો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા.

---

# પૂજ્ય આચાર્ય મહાશ્રમણજીની અહિંસા યાત્રાનો ગુજરાતમાં અંબાજીથી આરંભ

## આત્મ કલ્યાણ અને સમાજ ઉત્થાનના હેતુથી યાત્રા ગામે ગામ ફરશે

ડીસા, તા.૨૨

હજારો કિલોમીટરની યાત્રા બાદ પરમ પૂજ્ય આચાર્ય મહાશ્રમણજીની ગુજરાત યાત્રાની શુભ શરૂઆત અંબાજીથી આજે રવિવારથી થઈ છે. આત્મ કલ્યાણ અને સમાજ ઉત્થાન માટેની યાત્રા ગુજરાતમાં બનાસકાંઠાથી શરુ કરવામાં આવી છે. જે ગુજરાતના વિવિધ પ્રાંતમાં ફરી અહિંસાનો સંદેશો આપશે. ૯ નવેમ્બર ૨૦૧૪ ના



રોજ ભારતની રાજધાની દિલ્હીના લાલ કિલ્લા પરથી અહિંસાનો સંદેશો જન જન સુધી પહોંચાડવા માટે આ યાત્રા શરૂ કરી હતી. આચાર્ય મહાશ્રમણજીએ આત્મ કલ્યાણના હેતુથી અત્યાર સુધીમાં હજારો કિલોમીટરની યાત્રા કરી છે. દેશભરમાં આ યાત્રાનો સીલસીલો ચાલું છે. ગુજરાતમાં તેઓ વિવિધ વિસ્તારમાં ફરશે અને લોકહિત માટેના અને આ યાત્રાના અહિંસાના ત્રણ ઉદ્દેશ્યો સદભાવના, નૈતિકતા અને વ્યસનમુક્તિ લોકો સુધી પહોંચાડશે. અહિંસા યાત્રા દરમિયાન, આચાર્યએ ભારતના ૨૦ રાજ્યોની મુલાકાત લીધી છે. જેમાં દિલ્હીથી ઉત્તર પ્રદેશ, હરિયાણા, બિહાર, મધ્ય પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, પુડુચેરી, તેલંગાણા, કેરળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ અને નેપાળ તથા ભુતાનમાં ૧૮ હજાર કિલોમીટરની પદયાત્રા કરી તેઓ ગુજરાતમાં આવ્યા છે. આચાર્યએ તેમની સાત વર્ષની પદયાત્રા દરમિયાન હજારો ગામડાઓ, નગરો અને શહેરોના કરોડો લોકો સાથે સીધો સંપર્ક કર્યો હતો. વિવિધ જાતિ, વર્ગ વગેરેના લાખો લોકોએ સદભાવના, નૈતિકતા અને વ્યસન મુક્તિના વ્રત સ્વીકાર્યા અને તેમના જીવનમાં સુધારો કર્યો છે.

---

## મુડેટીની માતુશ્રી જે.જે. શુક્લ હાઈસ્કુલના નવીન મકાનનું નામકરણ ઉદઘાટન કાર્યક્રમ યોજાયો

ઈડર તાલુકાના મુડેટી ગામે આવેલ શ્રી મુડેટી કેળવણી મંડળ સંચાલિત માતુશ્રી જે.જે.શુક્લ હાઈસ્કુલ ખાતે નવીન મકાનનું નામકરણ તથા ઉદઘાટન કાર્યક્રમ તા ૧૭-૨-૨૩ ને શુક્રવારના રોજ યોજાયો હતો કાર્યક્રમમાં ઉપસ્થિત દાતાઓનું મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તેમજ મુડેટી કેળવણી મંડળના પ્રમુખ પ્રવીણભાઈ જે દેસાઈ તથા કારોબારી સભ્યો તથા શાળાના આચાર્ય સ્ટાફ ગણ તથા



ગ્રામજનોના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.


---

## ડીસામાં ઘર આગળ પાર્ક કરેલી કારમાં અચાનક આગ ભભૂકી

### સદનસીબે જાનહાની ટળી પણ કાર બળીને ખાખ

ડીસા, તા. ૨૨

ડીસા શહેરમાં આજે એક રહેણાંક વિસ્તારમાં પાર્ક કરેલી કારમાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતાં નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ બનાવ સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આગની ઘટના બનતા આજુબાજુના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ડીસામાં હાઈવે પર આવેલી



શ્રીજી વિલા સોસાયટીમાં ઘર આગળ પાર્ક કરેલી કારમાં આગ ભભુકી ઉઠી હતી. સોસાયટીમાં રહેતા વિઠ્ઠલ પટેલે તેમની જેન એસ્ટીલો કાર ઘર આગળ પાર્ક કરી હતી. જેમાં ટેક્નિકલ ખામી સર્જાતા અચાનક કારમાં આગ લાગી હતી. જોત જોતામાં કારમાં આગ ભભૂકી ઉઠતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. આગ લાગી હોવાની જાણ થતા ડીસા નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ પણ બનાવ સ્થળે પહોંચી હતી અને કારમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવી હતો, પરંતુ ત્યાં સુધીમાં આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે મોટી જાનહાની ટળી હતી, પરંતુ કાર માલિકને મોટુ નુકસાન વેઠવું પડ્યું છે.

---

## મોડાસાની શ્રી વી.એસ.શાહ પ્રા.શાળામાં જાયન્ટ્સ અને બાળ સાહિત્યકાર દ્વારા વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી



મોડાસા, તા. ૨૨


મોડાસા શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શાળા માં જાયન્ટ્સ મોડાસા દ્વારા વિશ્વ માતૃભાષા દિન ની ઉજવણી બાળ સાહિત્યકાર પ્રોફેસર દિગ્ગજ શાહ દ્વારા બાળકોને માતૃભાષા વિશેનું મહત્વ સમજાવતા સરળ ભાષામાં બાળવાર્તા ગુજરાતી બાળ કવિતાઓ કહીને માતૃભાષા નું મહત્વ સમજાવવામાં આવ્યું મંડળના પ્રમુખ નિલેશ જોશી દ્વારા જણાવ્યું હતું કે આપણી માતા જે ભાષા બોલે એ જ આપણી માતૃભાષા માતૃભાષા કાર્યક્રમમાં મંડળના ઉપપ્રમુખ રમેશ કડિયા નવનીત પરીખ સાથે આ કાર્યક્રમનું સંચાલન જાયન્ટ્સ મોડાસા પ્રમુખ પ્રવીણ પરમાર મુકુંદ સોની સ્કૂલના આચાર્ય શ્રીકાંત ગાંધી શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો

---

## વણિયાદ દૂધ મંડળીના સદસ્યોનો જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં હોબાળો, જીલ્લા રજીસ્ટ્રાર કચેરી સામે ગંભીર આક્ષેપ

મોડાસા,તા. ૨૨

મોડાસા તાલુકાની વણિયાદ દૂધ મંડળીમાં છેલ્લા કેટલાક સમયથી મંડળીની કમિટીને લઈને વિવાદ ચાલી રહ્યો છે દૂધ મંડળીમાં ચૂંટાયેલ કમિટી અને પૂર્વ કમિટીના સેક્રેટરી અને સદસ્યો જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં રજુઆત કરવા પહોંચતા અંદરો-અંદર ઘર્ષણ જેવી સ્થિતિ પેદા થતા જીલ્લા રજીસ્ટ્રાર લાચાર સ્થિતિમાં આવી ગયા હતા ચૂંટાયેલ કમિટી દ્વારા જીલ્લા રજીસ્ટ્રાર સામે ગંભીર આક્ષેપ કર્યા હતા જીલ્લા સેવાસદન કચેરીમાં દૂધ મંડળીના સદસ્યોના હોબાળાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.



મોડાસા તાલુકાના વણીયાદ ગામે પશુપાલકોના સહકારથી સહકારી ધોરણે દૂધ મંડળી ચલાવવામાં આવે છે ગામના જ પશુપાલકોનું દૂધ આ મંડળી દ્વારા સાબરડેરીમાં ભરાવાય છે.બીએમસી ધરાવતી આ દૂધ મંડળીના સભાસદોએ ચૂંટાયેલ કમિટીને વહીવટને લઈને અગાઉ પણ વિવાદ વકર્યો હતો અને ચેરમેન-સેક્રેટરીની મીલીભગતથી ગેરરીતી આચરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં બંને કમીટીના સદસ્યો રજુઆત કરવા પહોંચતા રજિસ્ટ્રાર ઓફિસમાં ઘર્ષણ જેવી સ્થિતિ પેદા થઈ હતી અને હોબાળો મચાવ્યો હતો જેમાં જીલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં ચૂંટાયેલ કમિટીના સદસ્યએ વહીવટ કરતા સેક્રેટરીને જીલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા ૪૦ વાર આરપીએડીથી નોટિસ આપ્યા છતાં હાજર રહેતા ન હોવાની સાથે સેક્રેટરી ખોટું પ્રોસેડિંગ ઉભું કરી બેંક અને રજિસ્ટ્રારમાં રજુ કર્યું છે તે માન્ય કરવા જીલ્લા રજીસ્ટ્રાર તૈયાર થયા હોવાનું જણાવી કચેરીની કામગીરી સામે અનેક ગંભીર આક્ષેપ કરી કલેકટરને રજુઆત કરવાનું જણાવ્યું હતું અને વહીવટ કરતી કચેરી દ્વારા ખોટી કમિટી બનાવવામાં આવી હોવાનું આક્રોશ પૂર્વક રજુઆત કરી હતી